રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓની ભરતીને બહાલી આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૨૦૨૦/૧૮૭/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૮/૦૧/૨૦૨૧.

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૫/૦૮/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક:બમશ-૧૧-૨૦૦૯-૩૫૧૬૨૦-ગ.
(૨) શિક્ષણ વિભાગનો તા.૦૩/૧૦/૨૦૦૯નો સુધારા ઠરાવ ક્રમાંક: બમશ-૧૧-૨૦૦૯-૩૫૧૬૨૦-ગ.
(૩) શિક્ષણ વિભાગનો તા.૧૫/૧૦/૨૦૦૯નો સુધારા ઠરાવ ક્રમાંક: બમશ-૧૧-૨૦૦૯-૩૫૧૬૨૦-ગ.
(૪) શિક્ષણ વિભાગનું તા.૧૧/૦૨/૨૦૧૧નું જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૨/બીએમએસ-૧૧૦૯-૧૯૦૬-છ.
(૫) શિક્ષણ વિભાગનું તા.૨૫/૦૭/૨૦૧૭નું જાહેરનામા ક્રમાંક: જીએચ/ એસએચ/ બીએમએસ/ ૧૧૧૫/ ૧૨૯૫/છ.
(૬) કમિશ્નરશ્રી શાળાઓની કચેરીનો તા.૧૪/૦૭/૨૦૨૦નો પત્ર ક્રમાંક:અનદ-૧ /ઘ /માધ્ય /૨૦૨૦ /૧૨૪૮૭.

આમુખ:-

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓની ભરતીને બહાલી આપવા બાબતે વિભાગના તા.૨૫/૦૮/૨૦૦૯, તા.૦૩/૧૦/૨૦૦૯ અને તા.૧૫/૧૦/૨૦૦૯ના વંચાણે લીધા ક્રમાંક (૧) થી (૩) સામેના ઠરાવોથી સૂચનાઓ આપવામાં આવેલ છે. વિભાગના તા.૧૧/૦૨/૨૦૧૧ના વંચાણે લીધા ક્રમાંક(૪) સામેના જાહેરનામાંથી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની અને તા.૨૫/૦૭/૨૦૧૭ ના વંચાણે લીધા ક્રમાંક (૫) સામેના જાહેરનામાંથી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની કેન્દ્રિયકૃત પદ્ધતિથી ભરતી કરવામાં આવે છે. આ જાહેરનામાની જોગવાઈ મુજબ કેન્દ્રિયકૃત ભરતી પ્રક્રિયાથી પસંદગી પામેલ શિક્ષકો અને આચાર્યોની નિમણુંકને બહાલી આપવાની રહેતી નથી. કમિશ્નરશ્રી શાળાઓની કચેરી દ્વારા વંચાણે લીધા ક્રમાંક(૬) સામેના પત્રથી રાજ્યની લઘુમતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા કરવામાં આવતી ભરતી પ્રક્રિયા અન્વયે કામચલાઉ બહાલી નકારવાના નિર્ણય સામે અપીલ કરવાની જોગવાઈ કરવા અને કામચલાઉ બહાલી મળ્યા બાદ ૭ માસમાં કાયમી બહાલી આપવાની જોગવાઈ કરવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની લઘુમતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંકને કામચલાઉ અને કાયમી બહાલી આપવા બાબતે નીચે મુજબની પ્રક્રિયાને અનુસરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) રાજ્યની લઘુમતિ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શાળા મંડળ દ્વારા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ, તે જ દિવસે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીને કામચલાઉ બહાલી અંગે દરખાસ્ત કરવાની રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા દિન-૦૩માં

કામચલાઉ બહાલી અંગે નિર્ણય કરવાનો રહેશે. કામચલાઉ બહાલી આપવાપાત્ર હોય તેવા કિસ્સાઓમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા તમામ ચકાસણી કરી તદ્દન હંગામી ધોરણે કામચલાઉ બહાલી આપવાની રહેશે.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા કામચલાઉ બહાલી અંગે નિર્ણય કર્યા બાદ, દિન-30માં કાયમી બહાલી આપવા બાબતે કમિશ્નરશ્રી શાળાઓની કચેરીને દરખાસ્ત કરવાની રહેશે.

(૩) કમિશ્નરશ્રી શાળાઓની કચેરી દ્વારા દરખાસ્ત મળ્યેથી છ માસમાં કાયમી બહાલી અંગે નિર્ણય કરવાનો રહેશે.

(૪) કમિશ્નરશ્રી શાળાઓની કચેરી દ્વારા કાયમી બહાલી આપ્યા બાદ જ કર્મચારીની નિમણૂંકની કાર્યવાહી બહાલ ગણાશે.

(૫) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા કામચલાઉ બહાલી નકારવાના કિસ્સામાં સંબધિત શાળા મંડળ કમિશ્નરશ્રી શાળાઓની કચેરીને અપીલ કરી શકશે.

(૬) કામચલાઉ બહાલી અંગેની અપીલ સાંભળવાની અને કાયમી બહાલી અંગે નિર્ણય કરવાની સત્તા કમિશ્નરશ્રી, શાળાઓની રહેશે. જેને તેઓ કામના ભારણ અનુસાર તાબાના અધિકારીશ્રીઓને લેખિત હુકમ કરી સત્તા સુપ્રત કરી શકશે.

(૭) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા લઘુમતિ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શાળા મંડળ દ્વારા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની સહાયક તરીકેની પાંચ વર્ષની સેવા પૂર્ણ થયા બાદ નિયમિત નિમણૂંકમાં સમાવવાની નિયમાનુસારની કાર્યવાહી કરવાની રહેશે.

(૮) વિભાગના તા.૨૫/૦૮/૨૦૦૯, તા.૦૩/૧૦/૨૦૦૯ અને તા.૧૫/૧૦/૨૦૦૯ના ઠરાવની અન્ય વિગતો અને શરતો યથાવત રહેશે.

(૯) આ જોગવાઈઓનો અમલ આ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૯/૧૦/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(જે. એચ. હેડબા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:-

- કમિશ્નરશ્રી, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંયુક્ત નિયામકશ્રી(ઓડીટ), કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત).
- સેકશન અધિકારીશ્રી, ગ.૧ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.